# વાતચીત કરવા માટેની ઉપયોગી માહિતી

કેવી સીધી રીતે કે તરત ચાલવુ તે વિષે તમારા બાળક પાસે માહિતી- જ્ઞાન હોતુ નથી, તેવીજ રીતે કેવી સીધી કે તરત વાતચીત કરવી તે વિષે પણ તેની પાસે જ્ઞાન હોતુ નથી. તેમ છતાં પણ, તે તેના પ્રથમ થોડાક મહિનાઓ, અઠવાડિયાઓ અને દિવસોમાં પણ તેના પ્રથમ શબ્દો તૈયાર કરવામાં તેનો ઘણો બધો સમય પસાર કરશે. મૌખિકરીતે વાતચીત કરવી એ કોઇ એક ઊચી વિકસીત પામેલ કુશળતા છે કે જેનો શ્રેણીબધ્ધ ક્ષમતા કે શકિત ઉપર આધાર રાખવામાં આવે છે - બીજાઓ દ્વારા ઉપયોગ કરવામાં આવેલ શબ્દો સમજવાની ક્ષમતા; યોગ્ય શબ્દ વિષે વિચાર કરી અને વાકયમાં તેને સાચા સ્થાને મૂકવાની કુશળતા; અને શબ્દોની રચના કરવા જરૂરી અવાજ- ઉચ્ચાર કરવાની શકિત. આ બધીજ કુશળતાઓ મહત્વની સમગ્ર કાર્યશકિતઓના સમૂહ ઉપર આધાર રાખે છે કે જે મોટા ભાગના બાળકો તેઓના જન્મ સમયથી તે વિકસાવવાનુ શરૂ કરતા હોય છે.

સંદેશાવ્યવહાર કે વાતચીત કરવાના તબકકાઓનો વિકાસ સમગ્ર વિશ્વમાં એકજ સરખો હોય છે અને બધાજ બાળકો તેઓની આજુબાજુમાં આવેલા ઉપર સંદેશાવ્યવહારની કુશળતાઓનો વિકાસ સાધવા માટે આધાર રાખતા હોય છે. માબાપ તરીકે, તમારા બાળકને વાતચીત કરવામાં મદદરૂપ બનવા તમારી ભૂમિકા મહત્વની હોય છે. જયારે તમારુ બાળક વાતચીત કરવાનુ શીખતુ હોય ત્યારે તમને મદદરૂપ બનવા વાતચીત કરવા માટેના મુદ્દા - વિષયવાળા માબાપના વિભાગની વેબસાઇટ (www.talkingpoint.org.uk) સૂચનો અને ઉપયોગી માહિતીથી ભરપૂર હોય છે. બીજી ઘણી બધી ઉપયોગી હકીકતપત્રિકાઓ, પુસ્તકો, લેખો અને કાર્યક્રમો પણ હોય છે (જેમાંના થોડાકની યાદી નીચે આપવામાં આવેલ છે). આવી હકીકતપત્રિકાઓ તમને આધારભૂત- પાયામાં (બેસિક) મદદરૂપ બની શકે - તમારા બાળકને વાતચીત કરવામાં મદદરૂપ બનવા તમારે શું કરવાની જરૂર રહે છે. આવી ઉપયોગી માહિતી તમારા બાળકને મદદરૂપ રહેશે પછી ભલે તેઓની ઉંમર કોઇ પણ હોય અને તેઓના સાથીદારોની એકજ સરખી કક્ષાએ કે ધોરણે તેઓ સંદેશાવ્યવહાર કરતા હોય કે નહિ:

ઉપયોગી માહિતી અહીંયા છે:

- નાના બાળકોએ, શિશુગીત કે જોડકણા (નર્સરિ રાઇમ્સ) અને ગાયનો સાથે મનોરંજન માણવો જોઇએ, ખાસ કરીને જેમાં કોઇ ક્રિયા- કૃત્ય હોય.
- તમારા બાળકને ગાડીઓ (કારસ), પ્રાણીઓ, ટેલિફોન જેવા જુદા જુદા અવાજો ધ્યાનપૂર્વક સાંભળવા પ્રોત્સાહીત કરો
- તમે જે અવાજ સાંભળો તેની નકલ કે અનુકરણ કરો, તમારુ બાળક અનુકરણ કરે તે માટે હસાવનારા અવાજ કરો, આ તેને અવાજ- ઉચ્ચારમાં રસ ધરાવવા જાગૃત કરશે અને આવા અવાજમાં અર્થ (મિનિંગ) હોય છે તે સમજવામાં તમારા બાળકને મદદ કરશે
- તમે જયારે સાથે ભેગામળીને વાતચીત કરતા હો ત્યારે તમારા બાળકનુ ધ્યાન પ્રાપ્ત કરો. “અહીંયા આવ, રાયન”કહેવાનુ કરતા “રાયન, કૃપા કરી અહીંયા આવો” તે વધારે સારુ કહેવાશે, કારણકે જયારે તમે તમારા બાળકનુ નામ બોલશો ત્યારે તેનું ધ્યાન કેન્દ્રિત થશે.
- કોઇ પણ રીતે તમારા બાળકને વાતચીત કરવા ઉતેજીત કરો, કેવળ શબ્દો મારફતે નહિ. ક્રિયા અને ઈશારાઓ કે સંકેત પણ શબ્દોના વિકાસમાં મદદરૂપ બનશે
- તમારા બાળકને ધ્યાનપૂર્વક સાંભળી - શ્રવણ કરી અને તેને તે પૂરુ કરવા સમય આપો. વાતચીત કરવા માટે વારો - ફેરો (ટર્ન) રાખો
- જયારે તમારુ બાળક કંઇ કહે ત્યારે હંમેશા તેને જવાબ કે પ્રતિભાવ આપશો - પછી ભલે તે કંઇ પણ કહેતુ હોય તે મહત્વનુ ન હોય
- તમારા બાળકને તમે દરરોજ થોડોક વિશિષ્ટ સમય આપો. તમારા બાળકની ઉંમર- વય પ્રમાણે તેની વાતચીત કરવાની કક્ષા હશે. તમે જયારે રમતા હો ત્યારે ભેગામળીને વાતચીત કરો અથવા સ્કૂલ વિષે વાતચીત કરો અથવા ભવિષ્યની યોજનાઓ કરો

- તમારા બાળક સાથે વાતચીત કરવામાં આવતા વાકયોની આજુબાજુમાં ઘણુ બધુ અંતર રાખો. આમ કરવાથી તમે શું કહયુ છે તે વિષે તેને વિચાર કરવા દઇ અને કદાચ જવાબની રચના કરવા દેશે
- તમે જયારે તમારા બાળક સાથે વાતચીત કરતા હો ત્યારે એવા વાકયોનો ઉપયોગ કરો કે જે તમારા બાળકના વાકય કરતાં આશરે એક શબ્દ વધારે હોય એટણે કે જો તેઓ એક શબ્દનો ઉપયોગ કરતા હોય તો તમે બે શબ્દોનો ઉપયોગ કરો; જો તે ચારનો ઉપયોગ કરતા હોય તો તમે પાંચ શબ્દોનો ઉપયોગ કરો. આમ કરવાથી તમારા બાળકને વાકયો વિસ્તારવામાં તે મદદરૂપ બનશે કારણકે લાંબા વાકયોની રચના કેવી હોય છે તે તેઓ સાંભળી શકશે.
- જો તમારુ બાળક કંઇક ખોટુ કહે તો “તેને સુધારવા” કરતાં સાચી રીતે પાછુ કહો. જેમકે જો તમારુ બાળક કહે કે “**ગોગિએ** બચકુ ભર્યુ”, તો તમે કહી શકો “હા, **કૂતરાએ** તે બચકુ ભર્યુ; ખરૂને ?” જયારે તે પોતાની જાતે અભ્યાસ કરશે ત્યારે તે શું કહે છે તે માટે ભવિષ્યમાં તેમાં ફેરફાર કરે તેવી વધારે સંભાવના રહે છે.
- જયારે તમે નાના બાળકો સાથે વાતચીત કરો ત્યારે તમે કેવી રીતે વાતચીત કરો છો તે વિષે વિચારી અને પ્રયત્ન કરોઃ ટૂંકા વાકયોનો ઉપયોગ કરો, રસ- અનુરાગ માટે મધુર લાગે તેવી સ્વરરચનામાં (મેલડિ) ફેરફાર કરો, ધીરેથી ગતિ ધીમી કરી અને દરેક વાકય પછી થોભો કે વિરામ રાખો.
- TV સમય શેર કરવા માટે પ્રયત્ન કરો – તમારા બાળક સાથે બેસી જઇ અને તેની ઉંમર- વયના બાળકોના પ્રોગ્રેમ જૂઓ.

વધારે માહિતી મળી રહેશે -

“Baby Talk : Strengthen Your Child's Ability to Listen, Understand, and Communicate” લેખિકાઃ Sally Dr Ward પ્રકાશનઃ Ballantine Publishing Group (2001) ISBN: 0345437071;

“Listen to Your Child: A Parent's Guide to Children's Language” લેખકઃ David Crystal પ્રકાશનઃ Penguin UK; New Ed edition (જૂન 1999) ISBN: 0140110151

“Chatterchart – a family guide to children’s communication development” I CAN માંથી મળી રહેશે